INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૮-૧૦-૨૦૨૪

- **ગુજરાત રાજ્યમાં ફેક્ટરી અકસ્માતથી છેલ્લા પાંચ વર્ષમાં 992 શ્રમિકોના મૃત્યુ.**
- **ગુજરાત રાજ્યમાં ફેક્ટરી અકસ્માતમાં સૌથી વધુ મૃત્યુ સુરતમાં – 155 શ્રમિકોએ જીવ ગુમાવ્યાં.**
- **અમદાવાદ શહેરમાં ફેક્ટરી અકસ્માતથી 126 અને વલસાડમાં 92 શ્રમિકોએ જીવ ગુમાવ્યાં.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રવક્તાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ પ્રેસ-મીડિયા ને સંબોધતા જણાવ્યુ કે, ગુજરાત રાજ્ય ના સરકારી વિભાગ ની બેદરકારી, ભ્રષ્ટાચારના પાપે નિર્દોષ શ્રમિકો જીવ ગુમાવી રહ્યા છે. ગુજરાત રાજ્ય ના શ્રમ વિભાગ ના ઇન્ડસ્ટ્રીયલ સફેટી અને હેલ્થ ના આંકડા મુજબ ૫ વર્ષ માં ફેક્ટરી દુર્ઘટના માં 992 શ્રમિકો એ જીવ ગુમાવ્યા છે. ગુજરાત રાજ્ય માં વર્ષ 2018 થી વર્ષ 2022 માં સહુથી વધુ મૃત્યુ સુરત માં થયાં છે. સુરત જિલ્લા માં પાંચ વર્ષ માં 155 શ્રમિકો ના ફેક્ટરી દુર્ઘટના માં મૌત થયા છે. જ્યારે અમદાવાદ જિલ્લામાં પાંચ વર્ષ 126 શ્રમિકો એ ફેક્ટરી અકસ્માત માં જીવ ગુમાવ્યા છે અને વલસાડ જિલ્લા માં 92 શ્રમિકો એ ફેક્ટરી અકસ્માત થી જીવ ગુમાવ્યા છે.

નારોલ ફેક્ટરી માં ગેસગળતર બનેલ ઘટના માં બે લોકો એ જીવ ગુમાવ્યા, અને 4 શ્રમિકો ની ગંભીર પરિસ્થિતિ છે. થોડાક સમય પેહલા કચ્છ, વડોદરામાં ફેક્ટરી અકસ્માતના કિસ્સામાં નિર્દોષ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાત રાજ્ય માં વર્ષ 2021 સુધી હેઝાર્ડસ વેસ્ટ પ્રોડ્યુસ કરતી 20,433 ફેક્ટરી છે ત્યારે ગુજરાત અને ગુજરાત ની જનતાનો જીવ જોખમ માં મુકાય રહ્યો છે ગુજરાત રાજ્ય નું પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને સરકારી કર્મીઓ ના રહેમ હેઠળ ખુલ્લેઆમ નિયમો નો ભંગ થઈ રહ્યો છે. ગુજરાત રાજ્યમાં પર્યાવરણના નિયમોનો ભંગ કરી ને ગુજરાત ની જનતા ના જીવ જોખમ માં મુકાય રહ્યા છે. જોખમી પદાર્થ ઉત્પાદન કરતી ફેક્ટરીમાં તાત્કાલિક ચેકીંગ હાથ ધરવામાં આવે અને ગુજરાત રાજ્યમાં પર્યાવરણના નિયમ ભંગ કરતી ફેક્ટરીઓ અને ઉધોગો સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી ત્વરિત માંગ છે.

**ઓક્ટોબર-2024 માં બનેલ ફેક્ટરી અકસ્માતની મુખ્ય ઘટનાઓ**

| તારીખ | વિગત | મૃત્યુ-અકસ્માત આંક |
|---|---|---|
| તા. 27-10-2024 | નારોલ દેવી સીન્થ્રેટીકમાં ગેસ ગળતરથી | 2 શ્રમિકોના મૃત્યુ 4 ગંભીર |
| તા. 15-10-2024 | કંડલા ખાતે ઈમામી એગ્રોટેક કંપનીમાં ગુંગણામણથી | 5 શ્રમિકોના મૃત્યુ |
| તા. 12-10-2024 | કડી તાલુકામાં દિવાલ હેઠળ દટાવાથી | 9 શ્રમિકોના મૃત્યુ |

**છેલ્લા પાંચ વર્ષમાં ફેક્ટરી અકસ્માતથી થયેલ શ્રમિકોના મૃત્યુ આંક**

| જીલ્લો | સંખ્યા |
|---|---|
| સુરત | 155 |
| અમદાવાદ | 126 |
| મોરબી | 114 |
| ભરૂચ | 98 |
| વલસાડ | 92 |
| કચ્છ | 71 |

(પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146